**DATE: 09/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સ્થળ પરથી બેની ધરપકડ, એક વોન્ટેડ જાહેર

# દહેજમાં ઝૂંપડામાંથી દારૂની 1,700થી વધુ બોટલ મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ પોલીસે ભુતનાથ મહાદેવ મંદિરની બાજુમાં આવેલા ઝુપડામાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ₹2.70 લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. એક આરોપી હાલ જેલમાં હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

દહેજમાં દારૂનો વેપલો ચાલી રહયો હોવાની બાતમી મળતાં પોલીસે જુના બંદર રોડ પર દરોડો પાડયો હતો. જેમાં ભુતનાથ મહાદેવ મંદિરની બાજુમાં આવેલાં ઝૂંપડાની તલાશી લેવામાં આવતાં તેમાં વિવિધ કોથળામાં રાખેલી દારૂની 1,763 બોટલ મળી આવી હતી. કુલ દારૂની કિંમત ₹2,65,350 અને એક મોબાઈલ કિંમત ₹5,000 મળી કુલ ₹2,70,350નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે રોહિત ઉર્ફે રાવણ કનુ રાઠોડ અને દિલીપ ઉર્ફે કાળીયો રામદેવ ભગતની ધરપકડ કરી છે. મુખ્ય સૂત્રધાર રાહુલ સુરેશ રાઠોડ હાલમાં રાજકોટ મધ્યસ્થ જેલમાં પાસા એક્ટ હેઠળ બંધ છે.

**DATE: 10/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભાઇ સાથે બોલાચાલી થતાં આપઘાતનો વિચાર આવ્યો

# નર્મદા મૈયા બ્રિજ પર જાળીની વાત કાગળ પર, એક મહિલાને બચાવાઇ



નર્મદા મૈયા બ્રિજ પર રેલીંગ જાળી લગાવવાની જરૂરીયા ઉભી થઈ છે.

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચના નર્મદા મૈયા બ્રિજ પરથી નદીમાં કુદવાના વધી રહેલા બનાવોને રોકવા માટે બંને તરફ જાળી લગાવવાની જાહેરાત બાદ પણ કોઈ કાર્યવાહી થઈ ન હતી. સોમવારના રોજ એક મહિલાને પોલીસે આપઘાત કરતાં બચાવી લીધી હતી. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે એક ટેલિફોન આવ્યો હતો કે એક મહિલા નર્મદા નદીમાં આપઘાતકરવા માટે પહોંચી છે. બનાવની ગંભીરતા પારખીને પીઆઈ ગડરીયા તેમની ટીમ સાથે તાત્કાલિક બ્રિજ પર જવા માટે રવાના થઈ ગયાં હતાં. બ્રિજ પર એક મહિલા નજરે પડતાં તેને અટકાવી હતી. તેને પોલીસ સ્ટેશન ખાતે લાવી તેની પૂછપરછ કરવામાં આવતાં તે પોતાના ભાઈ સાથે બોલાચાલી થતાં ઘરેથી આપઘાત કરવા માટે નીકળી હોવાની કેફિયત રજૂ કરી હતી. તે ઘરેથી નીકળીને સીધી નર્મદા મૈયા બ્રિજ ખાતે પહોંચી હતી. પોલીસે મહિલાના ભાઈ તથા પતિને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી તેમને સમજાવ્યાં હતાં. ભાઈ- બહેન વચ્ચે સમાધાન થઈ જતાં તેઓનું ફરી સુખદ મિલન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા મૈયા બ્રિજની બંને તરફ જાળી નાખવાની જાહેરાત કરવામાં આવી છે પણ હજી સુધી કોઈ કાર્યવાહી થઈ શકી નથી.

**DATE: 11/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# જીતાલી ફાટક પાસેથી રિક્ષામાં લઈ જવાતો રૂ. ૧.૧૮ લાખનો દારૂ ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૦

ભરૂચ એલસીબી પોલીસે જીતાલી ફાટક પાસેથી રિક્ષામાં વહન કરાતા દારૂના જથ્થો ઝડપી પાડ્યો હતો.પોલીસે રૂ.૧.૧૮ લાખની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કયી હતો.

## બે કિશોરોની અટકાયાત, જીતાલી ગામની મહિલા અને દઢાલનો બુટલેગર સહિત પાંચ આરોપી વોન્ટેડ

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન બાતમી મળી હતી કે જીતાલી ગામે ડ્રીમસીટીમાં રહેતી સવિતા મેઘનીરાય યાદવ પરપ્રાંતિય ઈગ્લીંશ દારૂનો જથ્થો લાવી તેના માણસો દ્વારા રીક્ષામાં ભરી દઢાલ ગામે રહેતા અબ્દુલ કાદીર ઉર્ફે કાદર ઈબ્રાહીમશા દિવાનને પહોંચાડવા માટે જવાના છે જે બાતમીના આધારે જીતાલી ફાટક પાસે વોચ ગોઠવતા બાતમી વાળી રીક્ષાને પકડી અંદરથી રૂ.૧.૧૮લાખનો દારૂ અને રીક્ષા મળી કુલ રૂ.૨.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો સાથે કાયદાના સંઘર્ષમાં આવેલા ૨ કિશોરની ધરપકડ કરવામાં આવી હતી.આ મામલામાં પોલીસે કુલ ૫ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 11/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં ૨ જુગાર ધામ પર દરોડા

# લીંબુ છાપરી માંથી ૭ અને બામણીયા ઓવારા નજીકથી ૫ જુગારીઓ ઝડપાયા

ભરૂચ,તા.૧૦

ભરૂચ પોલીસે પશ્ચિમ વિસ્તારમાં બે સ્થળોએથી જુગાર ધામ ઉપર દરોડા પાડી ૧૨ જુગારીઓને મુદ્દા માલ સાથે ઝડપી પાડી કાર્યવાહી શરૂ કરી છે.

## પોલીસના દરોડાથી જુગરીયાઓમાં દોડધામ મચી ગઈ, બન્ને સ્થળેથી મળીને પોલીસે ૫૩ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

બામણીયા ઓવારાની ખુલ્લી જગ્યામાં જુગાર રમાડવામાં આવતો હોવાની બાતમીના આધારે બી ડિવિઝન પોલીસે જુગાર ધામ ઉપર દરોડા પાડ્યો હતો જ્યાં બામણીયા ઓવારા નજીક રહેતો ટીનુ પુનિયાભાઈ વસાવા, નટવર મોતીલાલ વસાવા, અશોક સુકાભાઈ ચુડાસમા, છોટુ વસાવા તથા દેવો પ્રવીણ માછી ઝડપાઈ જતા પોલીસે મોબાઈલ તથા રોકડા રૂપિયા મળી અંદાજે ૫૯૯૦ નો મુદ્દા માલ જપ્ત કરી તમામ જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી છે


આ ઉપરાંત લીંબુ છાપરી વિસ્તારમાં પણ ઘરમાં જુગાર રમાડાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડા પાડી જશવંત સનાભાઈ વસાવા (રહે ધોબી તળાવ લીંબુ છાપરી), લુકમાન સિદીક શેખ (રહે સૈયદ વાડ) પૂર્વેશ ખોડાભાઈ વસાવા (રહે વાવ ફળિયુ બંબાખાના) જગદીશ મનુભાઈ વસાવા (રહે. ત્રણ કુવા પાસે નવીનગરી) તથા કૌશિક અશોકભાઈ વસાવા (રહે.લીંબુ છાબડી) તેમજ ગૌતમ કમલેશ વસાવા (રહે. નનું મિયા નાળા) તેમજ અલ્પેશ સોમા વસાવા ઝડપાઈ જતા પોલીસે તમામની ધરપકડ કરી અંદાજિત ૪૭,૭૦૦ નો મુદ્દા માલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી

બી ડિવિઝન પોલીસે જુગાર ધામ ઉપર દરોડા પાડી જુગારીઓને ઝડપી પાડતા અન્ય જુગારધામ ચલાવતા લોકોમાં પણ ફફડાટ ફેલાયો હોવાનું જાણવા મળ્યું છે

**DATE: 11/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ઝઘડિયાના ડભાલ ગામે ચૂંટણી પહેલાં પોલીસની ફ્લેગમાર્ચ

ઝઘડિયા । ઝઘડિયા તાલુકાના ઉમલ્લા નજીકના ડભાલ ગામે પોલીસ દ્વારા ચુંટણીને અઆ કુચમાં ઉમલ્લા પોલીસ સ્ટાફ જોડાયો હતો. ગ્રામજનોએ કુતુહલ પૂર્વક પોલીસની કુચ નિહાળી હતી. આ પ્રસંગે ગ્રામજનોને ચુંટણીલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચુંટણી નિર્ભય રીતે તટસ્થ અને શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે નાગરીકોએ તંત્રને પુરો સહયોગ આપવો જોઈએ તેમ જણાવીને નિર્ભય રીતે સહુએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો એમ જણાવાયું હતું,તેમજ લોકોએ સાયબર ક્રાઈમનો ભોગં બનતા કેવી રીતે બચવું અને કોઈવાર કોઈ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બને તો તેને માટે શું કરવું તેની વિસ્તૃતમાં સમજ આપવામાં આવી હતી.



DATE: 12/06/2025 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### લાકડા કાપતાં રોકવાની અદાવતે આશ્રમમાં ઘૂસીને 2ને માર માર્યો હતો

# અંકલેશ્વરના અંબાગીરી આશ્રમમાં લૂંટ કરનારી ટોળકીના 4 સાગરીત ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના નર્મદા મૈયા બ્રિજ પાસે નર્મદા નદી કિનારે આવેલ અંબા ગીરી આશ્રમમાં લૂંટ કરનાર ગેંગ ને આખરે બી ડિવિઝન પોલીસે ઝડપી પાડી હતી.

અંબા ગીરી આશ્રમમાંથી 30 હજાર રોકડ અને સોનાની વીંટી ની લૂંટ કરનાર 4 ઈસમો ને બીડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા. લાકડાં કપાતા રોકતા રીસ રાખી અન્ય સાગરીતો જોડે આવી અંદાડા ના ઈસમો માર મારી લૂંટ ચલાવી હતી. નર્મદા કિનારે નર્મદા



મૈયા બ્રિજ પાસે આવેલા અંબા ગિરી આશ્રમમાં સેવક તરીકે વિજય તિવારી અને તેમના મોટા ભાઈ અજય તિવારી રહે છે. થોડા દિવસ પહેલા વિજય તિવારીએ અંદાડા ગામના કાલુને આશ્રમ નજીક લાકડા કાપતા અટકાવ્યો હતો. આ વાતની અદાવત રાખીને કાલુ, સોનુ, ગોલુ અને એક અન્ય શખ્સ 7 જૂનની રાત્રે આશ્રમમાં આવ્યા હતા. આરોપીઓએ વિજય તિવારીને માર મારીને ચપ્પુની અણીએ તેમની પાસેથી સોનાની વીંટી અને માતાજી સાચવવા આપેલ 30 હજાર રૂપિયાની લૂંટ કરી હતી. તેમજ અજય તિવારી પર પણ હુમલો કર્યો હતો.પોલીસે ગડખોલ પાટિયા પાસે ના મેઘના એપાર્ટમેન્ટમાં રહેતા મન ઉર્ફે ગોલું તુકારામ વેરેકર, દીપક ઉર્ફે કાલુ રાજુ શાહ, સાગર દશરથ તાબે અને સુમિત રમેશ વસાવા ની ધરપકડ કરી છે.

**DATE: 12/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### વિવિધ કંપનીઓમાં મટિરિયલ મંગાવીને પૈસા ચૂકવ્યાં ન હતા

# અંકલેશ્વરની એક કંપની સાથે 1.65 કરોડની છેતરપિંડી કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર સુયોગ લાઈફ સાયન્સ કંપની સાથે 1.65 કરોડની છેતરપિંડી કરનારા આરોપીને મુંબઈથી ઝડપી લેવામાં આવ્યો છે. આરોપીએ 3 કંપનીઓ સાથે છેતરપિંડી કરી છે. સુયોગ લાઈફ સાયન્સ મુંબઈની ચાર કંપનીઓને બલ્ક ડ્રગ્સનું વેચાણ કર્યું હતું. આ મટીરીયલની કિંમત 1.72 કરોડ રૂપિયા થવા જાય છે.આ ચારેય કંપનીઓએ મટીરીયલની સામે ચેક આપ્યાં હતાં. નિયત સમયે તેના એકાઉન્ટમાં પૂરતી રકમ ન હોવાથી રકમ મળી ન હતી. આથી કંપનીએ ચારેય કંપનીના સંચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ કેસમાં અગાઉ આદિત્ય તિવારી અને અવિનાશ શિવપુરી ને ઝડપી પાડ્યા હતા જયારે મુખ્ય સુત્રધાર જીતેન્દ્ર ચોરસિયા નાસતો ફરતો હતો. આરોપી મુંબઈમાં હોવાની માહિતી મળતાં પોલીસે તેના ઘરે દરોડો પાડયો હતો જેમાં તેને ઉંઘતો જ ઝડપી લેવાયો હતો. આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ ઉર્ફે ટીકારામ નારાયણ ચૌરસિયા અન્ય ત્રણ કંપનીઓ સાથે મળીને આ કૌભાંડ આચર્યું હતું.

ઘટના અંગે જીઆઈડીસી 5 સભ્યોની ટીમ મુંબઈ ગઈ હતી હજુ પણ એક ટીમ મુંબઈ ખાતે રોકાઈ છે અને અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટેની કવાયત શરુ કરી હતી. આરોપીઓ કેવી રીતે કંપનીઓ સાથે છેતરપિંડી કરતાં હતાં અને અંકલેશ્વરની કંપની પાસેથી મંગાવેલું મટીરીયલ અન્ય કોઈને વેચી દેવામાં આવ્યું છે કે કેમ તે દિશામાં તપાસ કરાઈ રહી છે.

**DATE: 12/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પોર્ટલની મદદથી શોધી કાઢવામાં આવ્યાં

# પાનોલી પોલીસે ગુમ થયેલાં 5 મોબાઈલ માલિકોને પરત કર્યા

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

પાનોલી પોલીસે ગુમ અથવા ચોરી થયેલા 1.53 લાખ રૂપિયાની કિંમતના 05 મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા હતા. CEIR પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તરફથી સીઆઈઈઆર પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જેના આધારે અંકલેશ્વર પાનોલી પોલીસ મથક પી.આઈ. એસ.એમ. દેસાઈ ના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે કેન્દ્ર સરકારના CEIR પોર્ટલના માધ્યમથી ગુમ થઈ ગયેલ મોબાઈલ ફોન એક્ટીવ થયા હતા. જેને સ્ટ્રેસ કરી શોધી કાઢવામાં આવ્યા હતા. અને તેને તેના મૂળ માલિક ને બોલાવી સુપ્રત કરવામાં આવ્યા હતા. પોલીસે રૂ.1.53 લાખની કિંમતના 5 મોબાઈલ ફોન મૂળ માલિકને પરત કરવામાં સફળતા મેળવી છે.

**DATE: 12/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 21મીએ ખેતરમાંથી દારૂનો જથ્થો મળ્યો હતો

# અંકલેશ્વરમાંથી 20 દિવસથી નાસતો ફરતો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર આંબોલી ગામે નીલગીરી ના ખેતરમાં ઓરડી પાછળ સંતાડેલા રૂ.56 હજાર ના દારૂ પ્રકરણ માં અંતે વોન્ટેડ બુટલેગર ને પોલીસે ઝડપી પાડ્યો હતો. ગત 21 મી મેના રોજ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક સ્ટાફ પેટ્રોલીંગમાં હતો.તે દરમિયાન બાતમી મળી હતી કે, આંબોલી ગામના બુટલેગર અજય વસાવાએ આંબોલી ગામની સીમમાં ઓએનજીસી. 4 પ્લાન્ટની સામે કેનાલ કિનારા ના અંદરના ભાગે આવેલ નીલગીરીના ખેતરમાં દારૂનો જથ્થો સંતાડેલો છે. પોલીસે દરોડો પાડતાં દારૂની 312 બોટલ મળી આવી હતી. પોલીસના દરોડો દરમિયાન બુટલેગર ફરાર થઈ ગયો હતો. છેલ્લા 20 દિવસથી નાસતો ફરતો હતો. આરોપી વિશે ચોકક્સ માહિતી મળતાં પોલીસે દરોડો પાડી તેને ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપી દારૂ નો જથ્થો ક્યાંથી લાવ્યો કોની પાસે થી લાવ્યો તે અંગે વધુ પૂછપરછ માટે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

**DATE: 12/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે ₹ 87 હજાર રોકડા જપ્ત કર્યાં

# ભરૂચ શહેરમાં જુગાર રમતી 2 મહિલા સહિત 8 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસે લોઢવાડના ટેકરા વિસ્તારમાં સિધ્ધનાથ મહાદેવ મંદિર સામેથી જુગાર રમતી 2 મહિલા સહિત 8 ખેલીઓને પોલીસે ઝડપી પાડયાં છે. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 87 હજાર અને પાંચ મોબાઈલ ફોન મળી કુલ એક લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ભરૂચ એ ડિવિઝન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મંદિર સામેની ખુલ્લી જગ્યામાં પોલીસે દરોડો પાડતાં મહિલાઓ સહિત કેટલાક લોકો જુગાર રમી રહ્યાં હતાં. પોલીસને જોઇ જુગારીયાઓમાં દોડધામ મચી હતી પણ પોલીસે તમામને કોર્ડન કરી લીધાં હતાં. સ્થળ પરથી વેજલપુર પારસીવાડના રોહિત મિસ્ત્રી, ઉમેશ જાદવ, શિવમ મકવાણા, નૈયના વસાવા, આનંદ વસાવા, ગૌરી મકવાણા, સલીમ કુરેશી અને ઈસ્માઈલ ઉર્ફે અન્ના શેખનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 12/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

## અંકલેશ્વરની જીતાલી ફાટક નજીકથી

# રિક્ષામાં લઈ જવાતો રૂા.૧.૧૮ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર : ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન બાતમી મળી હતી કે જીતાલી ગામે ડ્રીમસીટીમાં રહેતી

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમ્યાન બાતમી મળી હતી કે જીતાલી ગામે ડ્રીમસીટીમાં રહેતી સવિતા મેઘનીરાય યાદવ પરપ્રાંતિય દારૂનો જથ્થો લાવી તેના માણસો દ્વારા રીક્ષામાં ભરી દઢાલ ગામે રહેતા અબ્દુલ કાદીર ઉર્ફે કાદર ઈબ્રાહીમશા દિવાનને પહોંચાડવા માટે જવાના છે, જે બાતમીના આધારે જીતાલી ફાટક પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી રીક્ષા આવતાં તેને રોકી તેની તલાશી લેતાં તેમાંથી રૂા.૧.૧૮ લાખનો દારૂનો જથ્થો મળી આવતાં પોલીસે દારૂનો જથ્થો અને રીક્ષા મળી કુલ રૂા.૨.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ રીક્ષામાં સવાર કાયદાના સંઘર્ષમાં આવેલા ૨ કિશોરની ધરપકડ કરી હતી. પોલીસે કુલ ૫ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 13/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મહારાષ્ટ્રના ધુલિયા લઇ જવાતી હતી

# ભરૂચ પોલીસે કતલના ઈરાદે લઈ જવાતા 16 પશુ બચાવ્યા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન ગૌ રક્ષક વિકાસ કાયસ્થ સહિત અન્ય ગૌ રક્ષક મારફતે બાતમી મળી હતી. આઈસર ટ્રકમાં ભેંસોને ક્રુરતા પૂર્વક ભરી કતલના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા છે. જેવી બાતમીના આધારે પોલીસે શ્રવણ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી ટ્રક આવતા પોલીસે તેને અટકાવી હતી. અને તેમાં તપાસ કરતા તેમાં ખીંચોખીંચ ભરેલ 16 જેટલી ભેંસો મળી આવી હતી. પોલીસે 8 લાખની ભેંસો અને 15 લાખની ટ્રક તેમજ ફોન મળી કુલ 23.18 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. કરજણના વલણ ગામના બાબર કોલોની મસ્જિદની બાજુમાં રહેતા ટ્રક ચાલક યુનુસ ઈબ્રાહિમ મઠીયા અને ક્લીનર પીરુશા બચુશા દિવાનને ઝડપી પાડ્યો હતો તે કરજણના સાપા ગામના સમીર મુસાએ બોરસદ ચોકડી ખાતેથી ભર્યાની કબૂલાત કરી હતી.

**DATE: 13/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ₹ 20 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વર નવીનગરી ગુરુદ્વારા પાસે જુગાર રમતા 8 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નવીનગરી ગુરુદ્વારા પાસેથી જુગાર રમતા 8 જુગારી ને એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા. રોકડ રૂપિયા 11 હજાર અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ 20 હજારથી વધુના મુદ્દામાલ જપ્ત કર્યો.

અંકલેશ્વર એ ડિવિઝન પૉલિશ પેટ્રોલિંગમાં હતી તે વેળા પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે સ્થળ તપાસ કરતાં રોકડ રૂપિયા 11 હજાર અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ 20 હજારથી વધુના મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયેલા આરોપીઓમાં અજીત સિંગ પ્રેમ સિંગ અંડ્રેલે, સુંદરસિંગ જોગિંદર સિંગ સરદારજી, હરપાલ સિંગ નેહાલસિંગ સિકલીગર, માયા સિંગ રામસિંગ ભાટિયા, રફતાર સિંગ મનજિત સિંગ દુધાની, અર્જુન સિંગ હરિસિંગ, હરજીત સિંગ દરબાર સિંગ સિકલીગર અને મિલિન્દ્રરસિંગ સંતોક સિંગ સિકલીગર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીના પગલે જુગારીયા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

**DATE: 14/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં 6 જુગારીયાને ઝડપી પડાયા

અંકલેશ્વર । અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ડેટોક્સ કંપની નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા 6 જુગારી ને પોલીસે ઝડપી પાડ્યા હતા. ખુલ્લી જગ્યામાં ઝાડીઓમાં રમાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. પોલીસે રોકડ જપ્ત કઈ તમામ ને જેલભેગા કર્યા હતા. ડેટોક્સ કંપની સામે ખુલ્લી જગ્યામાં ઝાડીઓમાં જુગાર મોટા પાયે રમાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ 6 હજારથી વધુના મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 14/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### લોખંડ તથા સ્ટીલનો ૧૭૦ કિલો ભંગાર પોલીસે જપ્ત કર્યો

# દઢાલ પાસે ભંગાર સહિતના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

## અંકલેશ્વર રૂરલ પોલીસે બાતમી આધારે રૂા. ૨૦ હજારથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એચ.જી.ગોહિલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના માણસો ખાનગી વાહનમાં દઢાલ ગામે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે સફેદ કલરની પીકઅપ ગાડી નંબર જીજે - ૧૬ - ઝેડ - ૮૦૮૧માં ગેરકાયદેસર લોખંડ તથા સ્ટીલનો ભંગાર ભરીને નવાગામ કરારવેલથી દઢાલ ગામ થઈ પાનોલી તરફ જનાર છે.

જે બાતમીના આધારે દઢાલ ગામે ફાટક પાસે વાહન ચેકીંગ દરમ્યાન બાતમી વાળું વાહન આવતા તેને રોકી તપાસ કરતા અંદરથી લોખડ તથા સ્ટીલના ભંગાર વજન ૧૭૦ કિલો કિમત રૂપીયા ૨૦૧૭૦ તથા પીકઅપ ગાડીની કિંમત રૂપીયા ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂપીયા ૧,૭૦,૧૭૦ના મુદ્દામાલ સાથે નિયામત અકબર નિવાત પઠાણ હાલ રહે.કાપોદરા ગામ ઘંટી ફળીયુ તા.અંકલેશ્વર જી-ભરૂચ મુળ રહે. કલ્લા ટીંબીગામ વસાવા ફળીયુ તા.કરજણ અને ફુલખાન જાગીરખા ખાન હાલરહે. નવાગામ કરારવેલ સંદામભાઈના ગોડાઉનમાં તા. અંકલેશ્વર જી.ભરૂચ મુળ રહે.બડેરા ગામ પોસ્ટ બડેરા તેહસીલ ગોહદ બડેરામાહુ થાણા માહુ જીલ્લા ભીંડ મધ્યપ્રદેશને ઝડપી પાડી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીને પગલે ગેરકાયદે લોખંડ તેમજ સ્ટીલના ભંગારનો વેપલો કરનારા તત્વોમા ફફડાટની લાગણી જન્મી છે.

**DATE: 14/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### રાજસ્થાનમાં સફળ ઓપરેશન પાર પાડ્યું

# ભરૂચ પોલીસે જોધપુરથી છેતરપિંડીના આરોપીને ઝડપ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસે વિશ્વાસઘાતના કેસમાં ફરાર આરોપીની ધરપકડ કરી છે. જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો સ્કોડની ટીમે આ કામગીરી અંજામ આપી છે. પેરોલ-ફર્લો સ્કોડની ટીમને મળેલી બાતમીના આધારે રાજસ્થાનના જોધપુર ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી.

ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપીનું લોકેશન મેળવવામાં આવ્યું હતું. દહેજ મરીન અને અંકલેશ્વર શહેર પોલીસ મથકમાં વિશ્વાસઘાતના નોંધાયેલા ગુનામાં આરોપી શેનુ ઉર્ફે અબ્દુલ વાહીદ અહમદ હુસેન બેલીમની ધરપકડ કરવામાં આવી છે. આરોપી રૂડકલી, જોધપુર, રાજસ્થાનનો રહેવાસી છે.

પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે ભરૂચ પોલીસ અન્ય ફરાર આરોપીઓની ધરપકડ માટે પણ સક્રિય છે.

**DATE: 14/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### બાતમી આધારે પોલીસે દરોડા પાડ્યા

# અંકલેશ્વરની સોસા.માંથી દારૂની ૧૧૭ બોટલ ઝડપાઈ

## પોલીસે રૂા. ૪૫ હજારના દારૂ સાથે બૂટલેગરની ધરપકડ કરી

**। અંકલેશ્વર ।**

અંકલેશ્વર GIDC પોલીસે ભડકોદ્રાની ક્રિષ્ના પાર્ક સોસા. માંથી વિદેશીદારૂના જથ્થા સાથે બુટલેગરની કરી ધરપકડ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૧૧૭ નંગ બોટલ મળી કુલ ૪૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરની ધરપકડ કરી હતી. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે ભડકોદ્રા ગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વરના ભડકોદ્રા ગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતો આકાશ ગીરી પોતાના ઘરે વિદેશી દારૂ સંતાડી રાખે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.

પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૧૧૭ નંગ બોટલ મળી કુલ ૪૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અને આકાશગીરી પ્રમોદ ગીરીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 15/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રમતા રમતા ઘર પાસે આવેલ દિકરીને કબાટ પર ચઢાવી ડબ્બો ઉતારવા કહી પોત પ્રકાશ્યું

# અંકલેશ્વરની 10 વર્ષીય સગીરાને પાડોશીએ શારીરિક અડપલાં કર્યા, આરોપીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના એક ગામમાં 10 વર્ષીય સગીરા જોડે પાડોશી દ્વારા શારીરિક અડપલાંકર્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રમતા રમતા ઘર પાસે આવેલ પાડોશી દિકરી ને અલમારી પર ચઢાવી ડબ્બો ઉતારવા કહ્યું હતું.સગીરાએ ડબ્બો ઉતારીઆપ્યો પણ પાડોશી 40 વર્ષીય નરાધમે દીકરી લેંગી ઉતારીને પાછળ અડપલાં કર્યા હતા.અંકલેશ્વર જીઆઈડીસીને અડીને આવેલા એક ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સોસાયટીમાંએક 10 વર્ષીય સગીરા તેના ભાઈ બહેન જોડે રમી રહી હતી. તે દરમિયાન પાડોશીના ઘરમાં ગયેલ ભાઈ અંકલ બહાર મોકલો કહેતા અંદર પોપટ જોવા લઈ જવાનુંકહી ડબ્બો ઉતારવા કહ્યું હતું. ભાઈ નહીં જતા સગીરા ત્યાં ગઈ હતી. અને કબાટ ઉપર સગીરાને ચઢાવી ડબ્બો પડાવ્યો હતો.જે ડબ્બો પાડી લીધા બાદ સગીરા ત્યાં લટકી હતી તે દરમિયાન તેને ઉતારવાનું કહેતા માનસિક વિકૃત પાડોશીરમેશ તિવારી સગીરાને નીચે ઉતારી ન હતી અને અચાનક જસગીરાની લેંઘી ઉતારી દીધી હતી. અને પાછળ શારીરિક અડપલાં કરવાનોપ્રયાસ કર્યો હતો જો કે સગીરાએ ના કહેતા ગભરાયેલ ઈસમે સગીરાને નીચે ઉતારી હતી ને કોઈ નેના કહેવા કહ્યું હતું. દરમિયાન સગીરારમેશ તિવારી ધક્કો મારી દરવાજો ખોલીબહાર દોડી આવી હતી અને સમગ્ર વાત પોતાની માતાને કહેતા માતાએ તેના પિતાને ફોન કરી જાણ કરી હતી જે બાદ આ અંગે અંકલેશ્વર રૂરલપોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીનાસમયમાં માનસિક વિકૃત પાડોશીરમેશ ચિગાસન તિવારી ને ઝડપી પાડ્યો હતો. માતા-પિતા માટે લાલબત્તી સમાન આ કિસ્સામાં સંતાનોને હવે ગુડ અને બેડ ટચ બાબતે જાગૃત કરવા અનિવાર્ય બન્યું છે.

**DATE: 15/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભાવનગરના અનેક ગામમાં વસવાટ કરતો હતો

# દુષ્કર્મનો આરોપી બગદાણામાં ખેતમજૂર બનીને છૂપાયો હતો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલાં દુષ્કર્મના કેસમાં ફરાર આરોપીને 5 વર્ષ બાદ પોલીસે ભાવનગર જિલ્લાના બગદાણાથી ઝડપી પાડયો છે.આરોપી સામે તાજેતરમાં જ કોર્ટે વોરંટ જાહેર કર્યું હતું. આરોપી બગદાણા વિસ્તારમાં હોવાની બાતમી ભરૂચ પોલીસને મળી હતી. આરોપી રાકેશ મકવાણા બગદાણાની એક વાડીમાં ખેતમજૂર તરીકે વેશ પલટો કરીને રહેતાં આબાદ ઝડપાય ગયો હતો. આરોપી દિહોર, દેલા, નેસીયા, ત્રાપજ, કુંઢેલી અને ટીમાણા સહિતના અલગ અલગ ગામમાં ખેતમજૂર તરીકે જતો હતો અને વાડીમાં કામ મેળવી લેતો હતો. આરોપી મુળ ભાવનગર જિલ્લાનો વતની છે પણ અંકલેશ્વરના ગડખોલ પાટીયા વિસ્તારમાં રહેતો હતો.સી ડિવિઝન પોલીસ આરોપીને બગદાણાથી ભરૂચ લાવીને પુછપરછ કરી રહી છે.

**DATE: 15/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વલસાડ, ભરૂચ અને અંકલેશ્વરના 3 બૂટલેગર વોન્ટેડ

# અંકલેશ્વરની બંધ સિનેમા નજીક દારૂના અડ્ડા પર પોલીસના દરોડા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બંધ પડેલ સિનેમા પાછળ દારૂનું કટીંગ કરતા 4 ઈસમ ને એલસીબી પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યા હતા. જ્યારે વલસાડ, ભરૂચ અને અંકલેશ્વર ના 3 બુટલેગર વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

અંકલેશ્વર પ્રતિન ત્રણ રસ્તા નજીક આવેલ વેલકમ હોટલ પાછળ બંધ પડેલ સીને પ્લાઝા સિનેમા પાસે ભરૂચના ફાટા તળાવ વૈરાગીવાડ ખાતે રહેતો દિનેશ કાંતિ વસાવા દારૂનું વેચાણ કરે છે.તેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડયા હતા.પોલીસે સ્થળ પરથી દારૂના પાઉચ અને બોટલ મળી કુલ 64 નંગ બોટલ મળી આવી હતી.

પોલીસે 13 હજારનો દારૂ અને ત્રણ વાહનો તેમજ ત્રણ ફોન મળી કૂલ 98 હજારથી વધુના મુદ્દામાલ સાથે ભરૂચના ફાટા તળાવ વૈરાગી વાડ ખાતે રહેતો દિનેશ વસાવા, બોરભાઠાના કલ્પેશ પટોસણા, તીર્થ નગરના પિન્ટુ જૈન, અને કેશરહાઈટ્સ ગોલ્ડન પોઈન્ટ ચોકડી નજીક રાજેશ પટેલની ધરપકડ કરી હતી. જ્યારે તેમની આકરી પૂછપરછ કરતા કલ્પેશ પટોસણાનેપિન્ટુ જૈનેદારૂ વેચવા બેસાડ્યો હતો. જ્યારે બોરભાઠાનો દિનેશ કાંતિ વસાવા વલસાડના ત્રણ શાહરુખ શેખ ટ્રેન મારફતે લાવ્યો હતો અને દારૂ આકાશ પટેલ અને પ્રતીક કાયસ્થને પણ આપવાનો હતો. જે આધારે પોલીસે શાહરુખ અલ્લા રખા શેખ,આકાશ પટેલ અને પ્રતીક બીપીનચંદ કાયસ્થને વોન્ટેડ જાહેર કર્યા હતા.

**DATE: 15/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ભરૂચમાં ચેઈન સ્નેચિંગના બે આરોપી ઝડપાયા

**વડોદરાથી** પકડાયેલા મોહસીન અંસારી સામે 13 ગુના અને ફૈજાન શેખ 4 ગુનામાં સંડોવાયેલો

ભરૂચ : ભરૂચ શહેરમાં બનેલી ચેઈન સ્નેચિંગની ઘટનામાં પોલીસે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ભરૂચના તુલસીધામ ત્રણ રસ્તાથી જ્યોતિનગર તરફના માર્ગ પર તા-19મી મે, 2025ના રોજ પુષ્પાબહેન દિલીપસિંહ રાઠોડ ચાલીને જઈ રહ્યા હતા. એ વેળા અજાણ્યા શખ્સે તેમના ગળામાંથી સોનાની ચેઈન અને પેન્ડલ છીનવી લીધા હતા. સી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાયા બાદ પીઆઈ એ.વી. પાણમિયાના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે વડોદરા શહેરમાંથી આરોપી મોહસીન ઉર્ફે હાઈટ રફીકભાઈ અંસારી (ઉ.વ.30 રહે-વેજલપુર,જુહાપુરા અમદાવાદ) તેમજ ફૈજાન ઉર્ફે મહમદ હુસેન શેખ (ઉ.વ.23 રહે-મકાન નં-205, જીશાન રેસીડન્સી, અમદાવાદ) ની ધરપકડ કરી છે.

તપાસમાં જાણવા મળ્યું કે આરોપી મોહસીન અંસારી અગાઉ પણ ચોરી અને ચેઈન સ્નેચિંગના 13 ગુનાઓમાં અને આરોપી ફૈજાન શેખ ચાર ગુનામાં સંડોવાયેલો છે. પોલીસે સ્થાનિક નાગરિકોને જાહેર સ્થળે સોનાના દાગીના પહેરીને નીકળતી વખતે સાવચેત રહેવા સૂચના આપી છે.